# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/412 Dt. 20/04/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ‘ચાલો મત આપીએ’ દસ્તાવેજી ફિલ્મ દ્વારા મતદાન જાગૃતિનો સંદેશ

### ચેમ્બર ઓફ કોમર્સ અને સુરત સિટીઝન્સ કાઉન્સિલનો સંયુક્ત ઉપક્રમ, બિન રાજકીય અભિયાનથી નાગરિકોને મતદાન માટે પ્રેરણા

**સુરત:** સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને સુરત સિટીઝન્સ કાઉન્સિલના સંયુક્ત ઉપક્રમે, ગ્રીનલેબ ડાયમંડ્સના સંચાલક શ્રી મુકેશભાઇ પટેલના સહકારથી ‘ચાલો મત આપીએ’ નામની ત્રણ મિનિટની દસ્તાવેજી ફિલ્મનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ફિલ્મની લોન્ચિંગ સેરેમની સોમવાર, તા. ૨૦ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સાંજે ૬:૩૦ કલાકે સરસાણા સ્થિત ઉષાકાંત મારફતિયા સેમિનાર હોલ ખાતે યોજાઈ હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી અને સુરત સિટીઝન્સ કાઉન્સિલના ચેરમેન શ્રી શરદ કાપડિયાએ જણાવ્યું હતું કે, ત્રણ મિનિટની આ દસ્તાવેજી ફિલ્મનું લેખન ડો. મુકુલ ચોકસીએ કર્યું છે અને તેનું દિગ્દર્શન શ્રી વૈભવ દેસાઈએ કર્યું છે. ફિલ્મને સંગીત શ્રી જીમી દેસાઈ દ્વારા આપવામાં આવ્યું છે, જ્યારે પ્રોડકશનની જવાબદારી શ્રી સેતુ ઉપાધ્યાયે સંભાળી છે અને પ્રોગ્રામિંગ શ્રી શ્રેય કોઠવાળાએ કર્યું છે.

આ દસ્તાવેજી ફિલ્મમાં સુરત શહેર પોલીસ કમિશ્નર શ્રી અનુપમસિંહ ગહલૌત, સુરત જિલ્લા કલેકટર ડો. સૌરભ પારઘી, સુરત મ્યુનિસિપલ કમિશ્નર શ્રી એમ. નાગરાજન, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના

કુલપતિ ડો. કિશોરસિંહ ચાવડા, જાણીતી ફિલ્મ અભિનેત્રી યુક્તિ રાંદેરિયા તેમજ ચેમ્બર ઓફ કોમર્સ અને સુરત સિટીઝન્સ કાઉન્સિલના હોદ્દેદારો સહિત અનેક મહાનુભાવોએ અભિનય કરી નાગરિકોને મતદાન માટે પ્રેરિત કર્યા છે.

ચેમ્બર પ્રમુખે વધુમાં જણાવ્યું હતું કે, અગાઉ પણ 'લાઇન લગાવો' નામની દસ્તાવેજી ફિલ્મ તૈયાર કરવામાં આવી હતી, પરંતુ તે સમયે સોશિયલ મીડિયા એટલું વ્યાપક ન હોવાથી તે વધુ લોકો સુધી પહોંચી શકી ન હતી. હાલના સમયમાં સોશિયલ મીડિયા તથા ડિજિટલ માધ્યમોના વ્યાપને ધ્યાનમાં રાખીને 'ચાલો મત આપીએ' ફિલ્મને સુરત શહેરના તમામ થિયેટરોમાં પ્રદર્શિત કરવાની સાથે તેનું વ્યાપક પ્રસારણ પણ કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચેમ્બર ઓફ કોમર્સ અને સુરત સિટીઝન્સ કાઉન્સિલ દ્વારા આ પહેલ સંપૂર્ણપણે બિન રાજકીય રીતે હાથ ધરવામાં આવી છે, જેનો મુખ્ય હેતુ શહેરીજનોમાં મતદાન પ્રત્યે જાગૃતિ લાવવાનો છે. દરેક નાગરિક પોતાના અધિકારનો ઉપયોગ કરી યોગ્ય ઉમેદવારને મત આપે અને લોકશાહીને મજબૂત બનાવે તે માટે આ દસ્તાવેજી ફિલ્મ પ્રેરણારૂપ બનશે.